BAOU
Education for All

Dr. Babasaheb Ambedkar
Open University
(Established by Government of Gujarat)

NAAC ACCREDITED A++ GRADE

વંદે માતરમ્ સપ્તાહની ઉજવણી યાત્રા અમદાવાદથી શરૂ થઈ સુરતમાં પૂરી થશે

# રાષ્ટ્રીય ગાન વંદે માતરમ્‌ના ૧૫૦ વર્ષની ઉજવણી

આપણા દેશ પર જ્યારે અંગ્રેજોનું શાસન હતું ત્યારે દેશના લોકોમાં દેશપ્રેમ જાગે તે માટે બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે 'વંદેમાતરમ્'ની પહેલી બે કડી ૧૮૭૫માં સંસ્કૃત ભાષામાં લખી હતી. આ બન્ને કડીમાં કેવળ માતૃ-ભૂમિની વંદના છે. તેમણે ૧૮૮૨માં બંગાળી ભાષામાં આનંદ મઠ નામની નવલકથા લખી અને આ ગીતને તેમાં સમ્મિલિત કર્યું. આ સમયે તે નવલકથાની જરૂર સમજીને ગીતની બાકીની કડીઓ બંગાળી ભાષામાં ઉમેરવામાં આવી હતી. આ બાકીના કાવ્યમાં દુર્ગાની સ્તુતિ છે. રાષ્ટ્રીય ગાન વંદેમાતરમ્‌ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે રાષ્ટ્રધર્મ પ્રતિષ્ઠાન અમદાવાદ, વંદે માતરમ્ સાર્ધ શતાબ્દી જયંતી સમારોહ સમિતિ દ્વારા વંદે માતરમ્ સપ્તાહની ઉજવણી શરૂ કરવામાં આવી છે. આ વિશે રાષ્ટ્રધર્મ પ્રતિષ્ઠાન સંસ્થાના મહામંત્રી ક્રાન્તિ પટેલે કહ્યું કે, બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે લખેલા રાષ્ટ્રીય ગાન વંદેમાતરમ્‌ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના નિમિત્તે રાજ્યના મુખ્ય ૭ શહેરોની યુનિવર્સિટીઓના સહયોગથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. વંદે માતરમ્ સપ્તાહનો પ્રારંભ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીથી શરૂઆત થઈ કરાઈ હતી અને સપ્તાહ આગામી દિવસોમાં ક્રમશઃ ગાંધીનગર, મહેસાણા, રાજકોટ, વડોદરા અને સુરત ખાતે પૂરી થશે. વંદે માતરમ્ એ માત્ર ગીત નથી તે રાષ્ટ્રીય ચેતના, સંસ્કૃતિ અને સર્વોત્કૃષ્ટ દિવ્ય સ્વરૂપ ભારતમાતાની ઊર્જાનું પ્રેરક પ્રતીક છે. આજે પણ ભવિષ્યના ભારત માટે એકતા અને ચેતનાનો દીપસ્તંભ બની રહ્યું છે. આ પ્રસંગે ઇન્દ્રધનુષ કેન્દ્રના બાળકો દ્વારા પૂર્ણ વંદે માતરમ્‌ની પ્રસ્તુતિ કરાઈ હતી.



## 'વંદે માતરમ્ ૧૫૦' નાટકની પ્રસ્તુતિથી લોકો મંત્રમુગ્ધ થયા

રાષ્ટ્રીય ગાન વંદે માતરમ્ પર ઘણાં વર્ષો સુધી સંશોધન કાર્ય કર્યું છે. વંદે માતરમ્‌ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના છીએ ત્યારે દેશના લોકોને તેનાથી પ્રેરિત થાય તેનું મૂલ્ય શું છે તે સમજે તે મુખ્ય ઉદ્દેશ્ય છે. અમારી ટીમે વંદે માતરમ્ ૧૫૦ના શીર્ષક સાથે નાટક તૈયાર કર્યું છે, જેમાં વંદે માતરમ્‌ની ઉત્પત્તિથી લઈ આજ સુધીની યાત્રાને જીવંત કરવાનું કામ કર્યું છે. આ પ્રસ્તુતિએ દર્શકોને ભાવનાત્મક અને આધ્યાત્મિક રીતે જોડવાનું કામ કર્યું છે. - **મિલિંદ સાઠનીસ, ડિરેક્ટર, નાટક**

દિવ્ય ભાસ્કર "અમદાવાદ આવૃત્તિ" પેજ નં:02 તારીખ : 16/07/2025

Scanned with OKEN Scanner